





નમતે પલ્લે બેસી, ફૂટેલા જંગ બદલે છે,
ને સ્વાર્થી આત્મા સત્તામાં રોજ અંગ બદલે છે
દંગ લઘુમતિ, તંગ છે રાજકારણ ઢંગે -
દર ચૂંટણી ટાણે કાચંડા રંગ બદલે છે




ફૂટી દિવાળી!
ને થયો ધૂમાડો -
પૈસા થ્યા ખાખ!

મિડિયા કરે
નક્કી 'પરિણામ'ના
ચૂંટણી સર્વે

## ચિંતન

**વિપ્રાર્થેષુ ધન ક્ષીણં સ્વદારગત યૌવનમ્ ।**
**સ્વામિ કાર્યે હત પ્રાણમન્તે તિષ્ઠતિ માધવઃ ॥**

'બ્રાહ્મણો દ્વારા આયોજિત ધર્મકાર્યો-કર્મકાંડ, હોમ-હવનમાં ધનનો ઉપયોગ કરનારને, પોતાની (જ) પત્ની સામે યૌવન વિતાવનાર એક (પત્નીવ્રતા)ને, અને શેઠ, માલિક, સ્વામીનું કાર્ય-ફરજ બજાવતાં બજાવતાં જે માણસ પ્રાણનો ત્યાગ કરે છે તેવા માણસની અંતિમ ક્ષણ-મૃત્યુ વખતે માધવ સ્વયં સહાયમાં આવીને ઉભા રહે છે.'

મૃત્યુની અંતિમ પળ કેમ સુખદ અને શાંતિકર બને એ શ્લોકમાં સમજાવ્યું છે. કેટલાંક મૃત્યુ દવાખાનાઓમાં અનેક ઓપરેશન-પીડા-યાતનાઓથી થતાં હોય છે અમૂક અકસ્માતમાં શારીરિક ખોટ ભોગવી જીવનભર અપંગ થઇ જીવવું પડે છે કયારેક કોઇ વારસાગત કે જીવનરીતીની બેદરકારીથી આજીવન રાજરોગો લાગુ પડી જતાં હોય છે જે જીવવાનું હરામ કરી નાખે છે.. તો આનંદદાયક-શાંત મૃત્યુની ક્ષણ કેમ મળે? અંતિમ ક્ષણે સાક્ષાત ઇશ્વર હાજર હોય એવી અનુભૂતિ કયારે થાય? અહીં એનું માર્ગદર્શન આપ્યું છે :

- ધન-સમૃદ્ધિ-આવકનો સદ્દુપયોગ કરવો ધર્મકાર્ય-પુણ્યકાર્ય-દાનપુણ્ય કરી ગરીબો-જરૂરિયાતમંદના આશીર્વાદ-શુભેચ્છા મેળવો.
- સદાચારી-પવિત્ર-કર્તવ્ય નિષ્ઠ જીવન જીવવું.
- .. અને નોકરી-ધંધા-માં પોતાનું કર્તવ્ય-ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી માલિક-રાષ્ટ્ર-પરિવારની અંતિમ શ્વાસ સુધી સેવા બજાવવાથી મૃત્યુની અંતિમ ક્ષણ સુખકર નિવડે છે.

## સુવિચાર

- સાંકળની મજબૂતાઇ એની સૌથી નબળી કડી પર આધારિત હોય છે **- પોલો કોએલો**
- 'પ્રેમ થવો' જેટલો સહજ અને સરળ છે તેટલો 'પ્રેમ કરવો' નથી **- હંસલ ભચેચ**
- અભિમાન શબ્દનો અર્થ : 'અભિ' એટલે વિશેષ એ 'મન' એટલે માનવું, એટલે કે પોતાની વાત ને વળગી રહીને તેની શુદ્ધતા વિચાર્યા વગર ગર્વ કે ઘમંડ ધરાવવો **- એસ. ભટ્ટાચાર્ય**
- ભયનો ભય સૌથી વધુ ખતરનાક છે આપણે ઇશ્વરને ભયથી ભજીયે છીએ પ્રેમથી ભજતા નથી **- ધૂમકેતુ**
- દેવળ જેટલું પડખે એટલા દેવ દૂર **- સ્વિસ કહેવત**
- સફળ માણસને પડખે રહેવું એના કરતા નિષ્ફળ માણસનો હાથ ઝાલવો એ પણ પ્રાર્થનાનો એક પ્રકાર છે **- મોરારિ બાપુ**
- પ્રાર્થના ને કોઇ ધર્મ નથી, પ્રાર્થનાને કોઇ જાત નથી, પ્રાર્થનાનો કોઇ સંપ્રદાય નથી, પ્રાર્થનાને જોડણીકોશના અર્થનું વળગણ નથી, પ્રાર્થનાનો સીધો સંબંધ હૃદય સાથે છે, હૃદયના શુધ્ધ ભાવ સાથે છે **- રામકૃષ્ણ પરમહંસ**

## બોધ કથા

આપણે ગુસ્સામાં હોઇએ, કોઇ જરૂરી કાગળ-દસ્તાવેજ ઘરમાં આડાઅવડા મુકાઇ જતા મળતા ન હોય એની અકળામણ હોય, કયાંક મૂકેલા પૈસા ઘરેણું મળતું ન હોય, કોઇની સંભરામણી-વાક્બાણની પીડા હોય-આપણે મનથી માનેલું કોઇ અવમાન હોય, આપણે માનેલા-સ્વીકારેલા 'સત્ય'નો કોઇ વિરોધ કરતું હોય ત્યારે આપણે 'ઉશ્કેરાટ' અને 'અસ્વસ્થ' થઇ હલબલી જઇએ છીએ. કોઇ નિર્ણય લઇ શકતા નથી અથવા ખોટો નિર્ણય લેવાઇ જાય છે, ખરેખર તો આવા સમયે મનને શાંત કરી 'શાંતિ'થી આત્મખોજ કરી, 'મન'ના ઊંડાણમાં ડૂબી જવું જોઇએ; અને શાંતિપૂર્વક આત્માનો અવાજ સાંભળવો જોઇએ.

એક વૃદ્ધ પિતા મરણપથારીએ હતા ત્યારે એને પોતાના પિતાએ આપેલી અને જીવની જેમ સાચવેલી ગાંધી 'ઘડિયાળ' યાદ આવી એ ઘડિયાળ હંમેશા પોતાનાં ડાબી બાજુના કોટના ખિસ્સામાં રાખતા એની 'ટક-ટક' સદાય એના હૃદય પર ગુંજતું.

બે પુત્ર અને પુત્રીને કહ્યું, 'મને એ ઘડિયાળ આપો.' - પણ ઘડિયાળ શોધવા છતાં મળ્યું નહીં. બધાં મૂંઝવણમાં મૂકાયાં - પિતાજીને તો 'નથી મળતી' એમ કહેવાય જ નહીં! કદાચ હૃદયના ધબકાર થંભી જાય!

દીકરી ડાહી હતી - બધાને બહાર કાઢી એકલી ઓરડામાં આંખ બંધ કરી બેઠી - અને શાંતિ થતાં જ ઝીણો તીણો 'ટક-ટક' અવાજ એક કોટના ખિસ્સામાંથી આવ્યો-અને ઘડિયાળ લઇ પિતા પાસે પહોંચી ગઇ! મનની શાંતિમાં જ ઘણું બધું સાંભળી શકાય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# 'અર્થ'ના અનેક અર્થો છે, તેને સાચા અર્થમાં સમજવાથી જીવનની નવી દૃષ્ટિ મળશે, 'અર્થ'ને સાચી રીતે ન સમજનાર અનર્થ સર્જે છે

## ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે...

- હર્ષદ પ્ર. શાહ

## 'અર્થ'ના અર્થની વ્યાપકતા...

'અર્થ'ના અનેક અર્થો છે, તેને સાચા અર્થમાં સમજવાથી જીવનની નવી દૃષ્ટિ મળશે, 'અર્થ'ને સાચી રીતે ન સમજનાર અનર્થ સર્જે છે.

મનુષ્યજીવનના ચાર પુરુષાર્થ- ધર્મ, કામ, અર્થ અને મોક્ષ. મનુષ્ય ધર્મને સમજે અને તદનુરૂપ આચરણ કરે. ધર્મને અનુકૂળ જે કામનાઓ હોય તે વિવેકબુદ્ધિથી સંતોષે. એ માટે 'અર્થ' એટલે ધન અને ભૌતિક સંપત્તિ મેળવે. પરંતુ અર્થની પ્રાપ્તિ તથા એનો ઉપયોગ ધર્માનુસાર જ કરે. અર્થને સાધન સમજે, જીવનનો ઉદ્દેશ્ય નહીં. અને છેવટે મોક્ષ પ્રાપ્ત કરે એમાં જ મનુષ્યજીવનની પૂર્ણતા છે.

ચાર પુરુષાર્થ મનુષ્યજીવનની પૂર્ણતાની પ્રક્રિયા છે. એ પ્રક્રિયામાં અર્થ મહત્વનો ભાગ ભજવે છે. અહીં અર્થની વ્યાખ્યા છે- કામનાઓ અને આવશ્યકતાઓને સંતુષ્ટ કરનારી વસ્તુઓ, વાતો અને કાર્ય એટલે અર્થ. ભોજન, વસ્ત્ર, મકાન, પ્રતિષ્ઠા વગેરે અર્થમાં સમાય છે. એમાંથી ઘણી બાબતો ધનથી ખરીદી શકાય છે. માટે ધન અર્થનું પ્રમુખ સ્થાન છે.

ઉચિત કામનાઓને ધર્માનુકૂળ રીતે સંતુષ્ટ કરવી જરૂરી છે એવું આપણો ધર્મ કહે છે. એટલા માટે ધન કમાવું પણ ઉચિત મનાય છે. પરંતુ ધન કમાવું કેવી રીતે? ધર્માનુસાર! કોઈને દુખ દઈને, દગો દઈને અથવા કોઈનું શોષણ કરીને ધન કમાવું પાપ છે. પરિશ્રમ કરીને પ્રમાણિકતા પૂર્વક જ અર્થોપર્જન કરવું જોઈએ. 'અર્થ'નો એક આ અત્યંત મહત્વનો અર્થ છે.

એક સત્ય ઘટના બોધક અને રસપ્રદ બની રહેશે. એક મહાત્મા. સાદું અને પવિત્ર જીવન જીવે. એકવાર ભયંકર ગરમીમાં બાજુના ગામે પગપાળા જઈ રહ્યા હતા. તરસ ખૂબ લાગી હતી. રસ્તામાં ક્યાંય પાણી ન મળ્યું. આકુળ વ્યાકુળ થઈ ગયા. એવામાં અચાનક એક કૂવો દેખાયો, જેની ઉપર એક ડોલ અને દોરડું પણ પડેલાં હતાં.

મહાત્માજીએ કૂવામાંથી પાણી કાઢીને તરસ છીપાવી. આગળ વધ્યા. થોડું ચાલ્યા હશે ને એક વિચાર આવ્યો... હજુ ઘણે દૂર જવાનું છે. ફરીથી તરસ લાગશે. ફરી કદાચ કૂવો આવે પણ ડોલ અને દોરડું ન મળે તો? આમેય અત્યારે અહીં કોઈ નથી. કોઈ જોતું નથી. ચાલને, ડોલ અને દોરડું સાથે જ લઈ જાઉં! આવો વિચાર મનમાં જ મહાત્માજી અટકી ગયા. વળી વિચાર આવ્યો.. આજે મારા મનમાં ચોરીનો વિચાર કેમ આવ્યો? પહેલાં તો ક્યારેય આવું નથી થયું.

તેઓ ગામમાં પાછા ફર્યા અને જઈને પૂછ્યું કે એ કૂવો કોણ બનાવ્યો હતો? ખબર પડી કે લૂંટફાટ કરનાર એક માણસે લૂંટના ધનમાંથી એ કૂવો બનાવ્યો હતો. મહાત્માજીના મનમાં એક ગેડ બેઠી. એ સમજી ગયા કે પાપની કમાણીમાંથી બનાવેલ કૂવાના પાણીએ એમની મતિ ભ્રષ્ટ કરી.

આવશ્યકતાઓની પૂર્તિ કરવી એ જીવનધર્મ છે પણ એ માટે ખોટાં માર્ગો અને સાધનોનો ઉપયોગ કરવો અધર્મ છે, અર્થના ઉપાર્જનમાં સાધનશુદ્ધિનું ખૂબ મહત્વ છે. એ રીતે મેળવેલી સંપત્તિ જીવનને સાત્વિક આનંદ પૂરો પાડશે. અન્યથા જીવન ખારું- કડવું લાગશે. અર્થની પ્રાપ્તિ ક્યાંક અનર્થ ન સર્જે એની સભાનતા આપણે રાખવી જ ઘટે.

વેદમાં એક આદેશ વાક્ય છે-

શત- હસ્ત સમાહર સહસ્ત્રહસ્ત સંકિર

(અર્થવેદ ૩-૨૪-૫)

અર્થાત્ સેંકડો હાથોથી કમાવ અને હજારો હાથોથી વહેંચો...

છતાં પણ ભગવદ્ગીતા ધન સંચયની મર્યાદા પણ સમજાવે છે -

યાવદ્ પ્રિયતે જઠરં તાવત્ સ્વત્વં હિ દેહિનામ્ ।
અધિકં યોડભિમન્યેત્ સ સ્તેનો દન્ડમર્હતિ ॥
**(ગીતા- ૭-૧૪-૮)**

અર્થાત જેટલાથી મનુષ્યનું પેટ ભરાઈ જાય (મુખ્ય જરૂરિયાતો સંતોષાઈ જાય) તેટલા ધન પર જ તેનો અધિકાર છે જે એનાથી વધારે ધન કે વસ્તુઓ પોતાની પાસે રાખે છે તે ચોર છે અને દંડને પાત્ર છે.

ધનસંગ્રહની બાબતમાં આપણે દૃષ્ટિકોણ કેવો હોવો જોઈએ? યજુર્વેદના ઈશાવાસ્યોપનિષદ્ના પ્રથમ મંત્રમાં જ એ અંગે દૃષ્ટિ આપી છે -

ઈશાવાસ્યમિદં સર્વ વત્કિંચિત્ જગત્યાં જગત ।
તેન ત્યક્તેન ભુંજીથાઃ મા ગૃધઃ કસ્ય સ્વિદ્ધનમ્ ॥

અર્થાત્ આ સંસારમાં જે કંઈ છે તે બધું પરમેશ્વરનું છે. તેનો ત્યાગપૂર્વક ઉપભોગ કરો.

લાલચ ન કરો, કારણ કે આ બધું ધન છે કોનું?

અમેરિકામાં આલ્બર્ટ આઈન્સ્ટાઈન નામના જાણીતા વિજ્ઞાનશાસ્ત્રી થઈ ગયા. તે ખૂબ સાદાઈથી રહેતા. પૈસા તરફ એમને રુચિ નહોતી. એમની પાસે પૈસા આવે તો પૈસાની જેમને જરૂર હોય એમને તે આપી દેતા.

ઘણીવાર એમના મિત્રો એમને કહેતા, અરે ભલા માણસ, તમે પૈસા શા માટે વેડફી દો છો? પાસે પૈસા હોય તો આપણને ખૂબ કામ આવે અને આપણે કંઈ સારું કામ કરવા માગતા હોઈએ તો કરી શકીએ?

આવું સાંભળી આઈન્સ્ટાઈન હસતા હસતા કહેતા, મિત્રો! ધનને લીધે માનવજાત આગળ વધતી નથી, એની મંને પૂરેપૂરી ખાતરી છે. મહાપુરુષોનો દાખલો લેવાથી સરસ વિચાર આવે છે. મૂસા, ઈસુ કે ગાંધી આગળ અબજોપતિ કોર્નેગીના જેવા ધનના કોથળા હોય એવું તમે કલ્પી શખો છો ખરા?

ધનના અર્થમાં 'અર્થ' આવશ્યક છે પરંતુ સર્વસ્વ નથી. ભૌતિકતાના આજના યુગમાં 'અર્થ'ની આ સંકલ્પના સમજવાની તાતી જરૂર છે.

શ્રી રમણ મહર્ષિ કહે છે, માણસ પોતાનાં પગરખાં કે પાઘડી વચ્ચે સમાઈ જતો નથી. તેની અંદર જે શક્તિ, જ્ઞાન અને પ્રેમ રહેલાં છે તે માત્ર અર્થ અને કામ એ બે પુરુષાર્થથી ખીલતાં નથી, ધર્મથી ખીલે છે.

ધર્માધિષ્ઠિત અર્થની ઉપાસનામાં જ જીવનનો મહત્વનો અર્થ સમાયેલો છે. આપણા જીવનને 'અર્થ'ના એ અર્થમાં ઢાળવાથી જીવન સાર્થક થયેલું જણાશે.

● ● ●

જિંદગી જીવવા માટે છે...
પણ બીજી બબાલોમાં
લોકો આ મૂળ વાત જ
ભૂલી જતા હોય છે !

● ● ●

માણસ વિશ્વાસ મૂકતો બંધ થઇ જાય તેમાં
સૌથી વધુ જવાબદાર માણસ જ હોય છે.

● ● ●

બજારમાંથી હું ચશ્મા નવાં લઇ આવ્યો,
ને બીલ પેટે મારી બે આંખ દઇ આવ્યો.

**- રમેશ પારેખ**

# ધર્મધારિણી નારી તું હૃદયે વસનારી...

## હું રસ્તે રઝળતી વારતા


- અચના કમલેશ

નવા વરસની શુભ સવારે 'ગાંધીનગર સમાચાર'ના સુજ્ઞ વાચક મિત્રોને એક વિશિષ્ટ પ્રસાદ પીરસવાની ઈચ્છા ધરાવું છું. નારીને નારાયણી કહી છે તો કોઈએ વળી નરકની ખાણ પણ કહી છે. પ્રશિષ્ટ સર્જક અને મારા પાલક પિતા ડૉ. કેશુભાઈ દેસાઈ એને 'ધર્મધારિણી' કહી બિરદાવે છે. આ વિશિષ્ટ વ્યાખ્યાન આપને સાદર કરી અમારા સમગ્ર પરિવાર વતી મારી નવજાત બાળકી તિતિક્ષાની કાલી કાલી શુભેચ્છાઓ અને નૂતન વર્ષાભિનંદન.

ધર્મનો જન્મ સ્ત્રની કરૂણાર્દ્ર આંખોમાંથી થયો હોવો જોઈએ. પુરૂષ સત્તાભૂખ્યું જાનવર છે, સ્ત્રી પ્રેમભૂખ્યું પંખેરૂં. પ્રેમ અને ધર્મ લાંબે ગાળે સમાનાર્થી શબ્દો બની જાય છે. 'લવ ઈઝ ગૉડ.' જ્યાં પ્રેમ છે ત્યાં પ્રભુ છે. કૃષ્ણ ધર્માવતાર કરતાં વિશએષ પ્રેમાવતાર છે. ઈસુનો પ્રેમ એટલો વ્યાપક છે કે પોતાને વધસ્તંભ પર લટકાવી દેનારને માટે પણ એ પ્રાર્થના કરે છે. દરેક મહાપુરૂષના જીવનમાં નારીએ સીધી કે આડકતરી પ્રેમ જ્યોત ચેતાવી છે અને એ પ્રેમ કાલાન્તરે ધર્મ સ્વરૂપે સ્થિર થયો છે.

ત્રણ મહાપુરૂષો- રાજચંદ્ર, રસ્કિન અને ટૉલ્સ્ટૉયની જેમ ગાંધીજીના જીવનમાં ત્રણ સ્ત્રીઓનું મહત્ત્વપૂર્ણ પ્રદાન છે, એ છે માતા પૂતળીબાઈ, દાસી રંભા અને પત્ની કસ્તુરબા. મહાત્મા ગાંધીથી મોટો કોઈ ધર્માત્મા ખરો? એમણે ધર્મની પહેલી દીક્ષા માતા પૂતળીબાઈમાંથી ગ્રહણ કરી છે. પૂતળીબાઈ ભારે શ્રદ્ધાળુ મહિલા હતાં. એ નિયમિતપણે દેવદર્શને જતાં. પ્રણામી મંદિર પણ જતા, બાળ મોહન એમની આંગળી ઝાલીને મંદિરે જતો થયો. ઈશ્વર પ્રત્યે બાળવયે જ એના માનસમાં દૃઢ આસ્થા રોપાઈ. મોહનને અંધારામાં ડર લાગતો હતો. રંભા દાસીએ એને રામનામનો મંત્રી આપ્યો. આ મંત્ર એને જીવન પર્યંત ખપ લાગ્યો. મરતીવેળાએ પણ 'હે રામ..' એટલું જ બોલાયું. આઝાદીની લડત પણ ગાંધીજીએ ધર્મબળ થકી લડી છે. 'રઘુપતિ રાઘવ રાજા રામ'ની ધૂન અને સમૂહ પ્રાર્થના એમને ગમે તેવી પ્રતિકૂળતાઓ વચ્ચે ટકાવી શક્યાં. માતા પૂતળીબાઈએ એમની ધાર્મિક આસ્થા મુજબ વિલાયત ભણવા જઈ રહેલા લાડકા પુત્ર પાસે ત્રણ પ્રતિજ્ઞાઓ લેવડાવી હતી. એ ત્રણે પ્રતિજ્ઞાઓનું ગાંધીજીએ છેલ્લા શ્વાસ સુધી પાલન કર્યું હતું. પૂતળીબાઈ જેટલો જ બલકે એથી અદકેરો પ્રભાવ પત્ની કસ્તુરબાનો હતો. એ તો સાક્ષાત્ ધર્મમૂર્તિ જ હતો. પતિને પરમેશ્વર ગણતાં. એથી બ્રહ્મચર્યનું વ્રત લઈ બેઠેલા ગાંધીબાપુ તમને ત્રાસ આપી રહ્યા છે એવું આત્યંતિક વિધાન લીલાવતી મુનશીએ કર્યું ત્યારે કસ્તુરબાએ એમની ધૂળ કાઢી નાખી હતી. સામાન્ય રીતે સ્ત્રીઓ પરંપરાથી ચાલી આવતી આસ્થા માથે ચડાવીને જીવવા ટેવાયેલી હોય છે. કસ્તુરબા પણ એમાં અપવાદ નહોતાં. ગાંધીજીના સૂક્ષ્મ ધર્મ ચિંતનને અનુસરતાં હોવા છતાં એ પરંપરાગત સંસ્કારોથી મુક્ત નહોતાં થઈ શક્યાં. ગાંધીજી તો સમજણ આવ્યા પછી મંદિરે ગયા જ નથી. માણસના હૃદયથી મોટું બીજું કયું મંદિર હોઈ શકે? એ દશરથનંદન રામને નહીં, બલકે પ્રાણમાત્રના દદય મંદિરમાં બિરાજતા રામના ભક્ત હતા. પુરીમાં કૅમ્પ હતો તે દરમિયાન કસ્તુરબાને જગપ્રસિદ્ધ જગન્નાથજીનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. આવી ઈચ્છા કોઈપણ હિંદુ ધર્માવલંબી વ્યક્તિને થઈ હોત. સ્ત્રી વિશેષ શ્રદ્ધાવાન અને સંવેદનશીલ છે. એથી કસ્તુરબાને એવી ઈચ્છા થઈ એમાં કશું ખોટું પણ નહોતું. બાપુની જાણ બહાર મહાદેવ દેસાઈને લઈને એ દર્શન કરી આવ્યાં તે પછી બાપુએ એમને ભારે ઠપકો આપ્યો હતો. ગાંધીજી સિદ્ધાંતને વરેલા લોકનાયક હતા. 'જે મંદિરમાં હરિજનોને પ્રવેશવાનો નિષેધ છે એવા મંદિરમાં તમે ગયાં? મારે તમને છૂટાછેડા કેમ ન આપવા?' આ હતી ગાંધીજીની પ્રતિક્રિયા. કસ્તુરબા તો સહિષ્ણુતાની મૂર્તિ હતાં. એમમે બાપુના ધર્મનો મર્મ સમજી એ ઠપકો સહન કરી લીધો હતો. ગાંધીજી પોતે સ્વીકારે છે કે ડગલે ને પગલે એમની જોહુકમી અને 'ધણિયાપું' સહન કરી કસ્તુરબાએ એમના જીવન પર મહાન ધર્મપુરૂષો કરતાં સવાયું અજવાળું પાથર્યું હતું.

હિંદુ ધર્મનું ચાલક બળ છે સ્ત્રી. છેક બાલ્યકાળથી એ ધાર્મિક વ્રતો અને અનુષ્ઠાનોમાં જોતરાય છે અને અંતકાળે મોં માં ગંગાજળ અને પવિત્ર તુલસીદલ સાથે વિદાય લે છે. સતી થવાની પ્રથાના મૂળમાં પણ આ ધર્મ જ સમાયેલો હતો. શાસ્ત્રોએ એને અનુચરી, વીર પ્રસૂતા અને સતી બનવાના આદર્શો ચીંધ્યા છે. સ્ત્રીની પવિત્રતાએ ધર્મની શ્રેષ્ઠ કસોટી ગણાતી. સીતાનું ચરિત્ર એનું સર્વોચ્ચ શિખર છે. જીવનમાં એણે સુખની ઝલક તો જોઈ જ નહીં. તેમ છતાં એને હૈયે રામ પ્રત્યે કયારેય કશી ફરિયાદ નથી જાગી. આનું નામ તો ધર્મ! સ્ત્રીનો 'ધર્મપત્ની'નો દરજ્જો પ્રાપ્ત થયો છે તો એના ધર્માચરણને કારણે પુરૂષ માટે ક્યાંય 'ધર્મપતિ' શબ્દ પ્રયોજાયો નથી.



કારણ કે એણે ધર્માચરણની સઘળી જવાબદારી ઘરવાળીને સોંપી દીધી છે. આંગણે આવી ચડેલો અભ્યાગત ગૃહલક્ષ્મી પાસેથી અધિકારપૂર્વક રોટલાની આશા રાખી શકે છે. ઘર માંડીને બેઠાં હો તો રસોઈ ફક્ત ઘર પૂરતી કરો તે બરાબર નથી. તમારા રોટલામાંથી ગાય કૂતરાનો પણ ભાગ કાઢવો પડે. શ્રાદ્ધ પક્ષમાં કાગઋષિ પૂર્વજના પ્રતિનિધિ થઈને પધારે છે.ગૃહસ્થધર્મનો એક નિયમ તો એવો છએ કે દરરોજ એકાદ સાધુસંતને જમાડ્યા વગર જમાય જ નહીં. અતિથિને દેવ ગણીને એનો આદર કરવાનો છે. અજાણ્યો જણ ખાવા ટાણે આંગણે ઢૂકયો એ પ્રભુની કૃપાનો સંકેત છે. એની એંઠ જે ભૂમિ પર પડશે તે ફળવતી બનશે. અભ્યાસગત રૂપે પરમાત્માની જ પધરામણી થાય છે. એવી ઊંડી આસ્થા સાથે સ્ત્રી જીવે છે. જલારામની કસોટી કરવા આવેલો રામ કેવળ રોટલાથી સંતોષાતો નથી. જતાં જતાં એ જલારામની ઘરવાળી માગી લે છે. હસતે મોઢે ભગત એમની ઘરવાળીને સોંપી દે છે ત્યારે ખબર પડે છે કે આવાનારો તો ભગતની કસોટી કરવા આવ્યો હતો. એ તો હજારહજૂર પરમાત્મા હતો. સ્ત્રી માત્રને ઈશ્વરે અક્ષયપાત્ર આપીને અવતારી છે. એની તાવડીમાં ભલે એક જ તાંદુલકણ બચ્યો હોય, એ ધારે તો જનમભૂખ્યા દુર્વાસાને ધરવી શકે છે. વનવાસ વેઠતી દ્રૌપદીને જ સૂર્યનું વરદાન હતું એમ માની લેવાની જરૂર નથી. સૂર્યદેવ તો સૌને સરખું અજવાળું આપે. એ મહાભારતની દ્રૌપદી હોય કે રામાયણની સીતા અને શબરી.

સ્ત્રીએ ભૂમિનું, ધરતીમાતાનું સ્વરૂપ છે. એ ખૂંધાં ખમે છે. બાળવયે પિતાના આશ્રયે લાડકોડમાં ઊછરેલી કન્યા યૌવનના ઉંબરે પહોંચતાં પિયરઘર છોડી ચુપચાપ અજાણ્યા પતિગૃહે ચાલી જાય છે. ધર્મમાં સૌથી મહત્ત્વનું અંગ છે સમર્પણ; સ્ત્રી નિઃશેષ સમર્પણની જીવતી જાગતી દંતકથા છે. એ જીવનપર્યંત કશીય અપેક્ષા વગર એના પિયરનું ભલું વાંચ્છતી રહેશે. બાળકને કોરામાં સુવાડી જાતે ભીનામાં સૂશે. બધાને જમાડ્યા બાદ વધ્યુ ઘટ્યું પેટમાં ઓરીને ઘરની આબરૂ સાચવી લેશે. આ ધર્મ છે. પુરૂષ પાસે આવી તિતિક્ષાની આશા રાખી શકાશે ખરી? માનવજાના ઈતિહાસમાં સ્ત્રીને ધર્માજ્ઞાનું મૂંગે મોંએ પાલન કરનારી અર્ધાંગિની કે સહધર્મચારિણી તરીકે જ સ્થાન અપાતું રહ્યું છે. ધર્મદંડ ધારણ કરવાનો હક પુરૂષજાતે પોતાની પાસે રાખ્યો છે. કયારેક કોઈ વિદ્રોહી નારી આ લક્ષ્મણરેખા ઓળંગે છે ત્યારે એને પાર વગરની યાતનાઓ સહેવી પડે છે. આપણી મીરાં એનું હોઠવગું ઉદાહરણ છે. એક રાજકન્યાએ પ્રસ્થાપિત જીવનશૈલીથી ઉફરો ભક્તિમાર્ગ અપનાવ્યો, વૈધવ્યનો અંચળો વેગળો કરી કૃષ્ણને જ પતિ માની લીધો અને સાધુ સંતોને મહેલમાં નોતરી એમની સાથે કૃષ્ણભક્તિનાં ભજનો ગાવા લાગી એ મેવાડના રાણાથી ન ખમાયું. ત્રાસની હદ આવી ગઈ ત્યારે થાકીને મીરાંએ મેવાડ છોડયું પણ ધર્મ ન છોડ્યો. અંતિમ શ્વાસ એણે કૃષ્ણના સાંનિધ્યમાં દ્વારિકાધામમાં લીધા. એણે અજાણતાં જ યાદગાર ધર્મક્રાંતિનો સૂત્રપાત કરી દીધો હતો. ચમાર જાતિના સંત રોહિતદાસને એણે ગુરૂપદે સ્થાપ્યા હતા અને મેવાડ છોડીને નીકળી ત્યારે રોહિતદાસને પણ સાથે લેતી ગઈ હતી. સૌરાષ્ટ્ર તો સંત, શૂરા અને સતીખાણ તરીકે જાણીતી ભૂમિ છે. વીજળીના ચમકારે મોતીડાં પરોવવાનો કીમિયો જાણનારાં ગંગાસતી અને પાનબાઈ હોય કે પેલી અમર-દેવીદાસની કથાનાયિકા અમરબાઈ, એમના બત્રીસે કોઠે ધર્મનાં અજવાળાં રેલાતાં રહ્યાં છે. કચ્છના કાળોતરા સમા જેસલ જાડેલાને પળમાં પીર બનાવવાની તાકાત તો કોઈ તોરલમાં જ સંભવે. આપણો એક બહુસંખ્યક ગ્રામીણ સમાજ રામદેવપીરને પૂજે છે. ડાલીબાઈ નામની મેઘવાળ કન્યાએ રણુજાના રાજાની લારોલાર જીવતેજીવ સમાધિ લીધી હતી.

સ્ત્રી તો જગજનની અંબાનું રૂપ છે. ખ્રિસ્તી ધર્મની પેલી કુંવારી કૂખવાળી માતા મરિયમને કોણ નથી જાણતું? ધર્મપુત્ર ઈસુને જન્મ આપવા માટે એને ઘેટાંબકરાં અને દુધાળાં જાનવરોની ગમાણ પૂરતી લાગી છે. ઈસુની સાથે થયેલા અન્યય અને અત્યાચારો વખતે એમને સૌથી મોટો સધિયારો સ્ત્રીઓનો સાંપડ્યો છે. એમના પુરૂત્થાનની સાક્ષી પણ સ્ત્રી જ રહી છે. ઈસ્લામના મહાન પયગંબરે એમના કરતાં ઉંમરમાં મોટાં એવાં ફાતમાબીબી સાથે ઘર સંસાર માંડ્યો હતો. કૃષ્ણને તો ઘણી બધી રાણીઓ હતી પરંતુ એક પલ્લામાં સોળ હજાર રાણીઓને મૂકીએ અને બીજામાં એકલી વૃષભાનુકુમાર રાધાને, તો રાધાવાળું પલ્લુ જ નમે! ભગિની નિવેદિતા વગરના વિવેકાનંદ કે માતાજી વગરના શ્રી અરવિંદની કલ્પના જ કેવી અધૂરી લાગે છે! શિવ અને શક્તિનું આ સાયુજય યુગોથી ચાલતું આવ્યું છે અને ચાલતું રહેશે. મનુ અને શ્રદ્ધાનાં સંતાનો તરીકે ઓળખાતી આર્યાવર્તની પ્રજા કે આદમ અને ઈવની પ્રજા તરીકે જાણીતી અનાર્ય પ્રજાએ ધર્મના નામે સ્ત્રી પર જુલમોસિતમ વરસાવવામાં પણ કસર નથી રાખી. નારીને પૂજનીય પણ ગણી છે અને નરકની ખાણ પણ કહી છે. બોધિજ્ઞાન પ્રાપ્ત કરવા માટે રાજકુમાર સિદ્ધાર્થ પ્રસૂતા પત્નીને ઊંઘતી મૂકીને ભાગ્યા છે તો વળી રામે રાજધર્મ પાછળ સીતાનું ડગલે ને પગલે બલિદાન ચડાવ્યું છે. દ્રૌપદી સ્ત્રી હતી, કોઈ વહેંચી ખાવાની વસ્તુ નહોતી જ, છતાં પાંચે ભાઈઓએ માતાની આજ્ઞાના નામે એનો યથેચ્છ ઉપભોગ કર્યો છે. સંતોએ પણ એની અવહેલના કરવામાં પાછી પાની નથી કરી. કબીર જેવા ક્રાન્તદ્રષ્ટા કહે છે:

'નારી તો હમ ભી કરી, પાયા નહીં વિચાર;
જબ જાની તબ પર હરી, નારી બડા વિકાર!'

પરેતુ એ જ નારીએ વાસના ગ્રસ્ત તુલસીને સંત બનાવી દીધા છે.

'અસ્થિચર્મમય દેહ મમ તામેં જૈસી પ્રીતિ
ઐસી જો રઘુરાય મેં હોતી ન તો ભવભીતિ...'

રત્નાવલીના આટલા ઠપકાથી તુલસીદાસની જીવનદિશા જ બદલાઈ ગઈ છે. સ્ત્રીમાં એ અખૂટ તાકાત અભરે ભરેલી છે. એને યુગોથી પજવતા રહેલા પુરૂષને એ ઉદારતાપૂર્વક માફ કરતી આવી છે. એનું છેલ્લું ઉદાહરણ આપણને અમેરિકાનાં વર્તમાન નેતા અને પૂર્વ પ્રથમ મહિલા ફર્સ્ટ લેડી હિલેરી કિલન્ટનમાં જોવા મળ્યું. રાષ્ટ્રપતિ બિલ કિલ્ટનના તમામ યૌન અપરાધો માફ કરી દઈ એ મહાન સ્ત્રીએ એ એમની ઢાલ બનીને એમને બચાવ્યા હતા. સતીઓ પકવવાનો ઈજારો એકલા ભારત પાસે છે એમ માનવાની જરૂર નથી. મારે મન હિલેરી એકવીસમી સદીની સતી છે.

પરંતુ ધર્મના નામે શોષણ થતું હોય ત્યારે સ્ત્રીએ ખૂણો પાળીને મૌન ધારણ કરવાની જરૂર નથી. એણે રણચંડી બની એવા મહિષાસુરોનું મર્દન કરવા મેદાને પડવું જ રહ્યું. સાધુસંતો અને રાજકારણીઓ સામે આવા પરચા બતાવનારી સ્ત્રીઓ સાચા અર્થમાં ધર્મરક્ષણનું પવિત્ર કામ કરી રહી છે. સમાજે એમને સાથ આપી અધર્મીઓ વિરૂદ્ધ દબાઈ ગયેલા- અવરૂદ્ધ સ્વરને બુલંદ કરવાનો સમય પાકી ગયો છે. ધર્મક્ષેત્રે નારી ઊર્જાને પ્રજવલિત કરવાનો પ્રયોગ 'પ્રજાપિતા બ્રહ્મા' તરીકે ઓળખાતા મહાપુરૂષ દ્વારા હાથ ધરાયો અને એનું રૂડું પરિણામ 'બ્રહ્માકુમારીઝ' સ્વરૂપે સાંપડ્યું તેની નોંધ લીધા વિના ન જ રહી શકાય. અલબત્ત, નારીને આગળ કરવાની આ પ્રેરણા એમને કદાચ વિવેકાનંદના જીવનમાંથી પણ સાંપડી હોય તે બનવાજોગ છે. સેવાને જ ધર્મ ગણતા ખ્રિસ્તી મિશનરીઓએ મધર ટેરેસા જેવી સેવામૂર્તિઓ સમાજના ચરણે ધરી છે. વીસમી સદીમાં યુરોપમાં ધૂમ મચાવનારી થિયોસોફિકલ સોસાયટી જેવી ધર્મચિંતનની સંસ્થાના સંસ્થાપક મેડમ બ્લેવેટ્સ્કી હતાં અને વર્ષો પૂર્વે જૈનોની તીર્થંકર પરંપરામાં મલ્લીનાથ થઈ ગયા, તેમને ભલે પુરૂષ નામે ઓળખાવાતા રહ્યા હોય પણ એ મલ્લી નામનાં મહિલા હતાં! વિવેકાનંદને અમેરિકન મહિલાએ આશ્રય ન આપ્યો હોત, એમને શિકાગોની ધર્મસભા સુધી પહોંચાડવાની વ્યવસ્થા ન કરી આપી હોત તો એક શક્તિપુંજ અકાળે જ ભોં માં ભંડારાઈ ગયો હોત એમ નથી લાગતું?